

# વિલિયમ - હેરીનો રૉયલ મિલાપ!



**હવે જોવાનું એ રહે છે કે સમયનો મલમ આ બેય ભાઈઓના હૃદયના ઘા રુઝવે છે કે પછી કૌટુમ્બિક સત્તા અને અહંકારની આ લડાઈ બ્રિટનના રાજમહેલને વધુ કલંકિત કરે છે**

**વિકલ્પ**

★ દીપક આશર

બ્રિટનના રાજવી પરિવારનો 'રોયલ ડ્રામા' વળી પાછો એક નવા અને ચોંકાવનારા મોડ પર આવીને ઊભો રહી ગયો છે! લંડનની ગલીઓમાં ને વિદેશની ભોંય પર આજકાલ એક જ સવાલની ચર્ચાનો મોટો ઉપાડો નીકળ્યો છે- શું પ્રિન્સ હેરી અને પ્રિન્સ વિલિયમ વચ્ચેનો આ વર્ષો જૂનો કડવાશનો કૂવો બુઝાશે કે પછી આ કૌટુમ્બિક વેરઝેર વધુ વણસીને ધૂમાડા કાઢશે?

છ વર્ષના લાંબા વનવાસ અને અમેરિકાની ધરતી પરથી વિલાયત સામે આંધી ઉઠાવ્યા પછી, આખરે પ્રિન્સ હેરી અને મેગન મર્કલ પોતાના બેય બાળકો - આર્ચી અને લિલિબેટને સંગાથે લઈને બ્રિટન પાછા ફરી રહ્યા હોવાના અહેવાલે આખા જગતમાં મોટી સળવળાટ મચાવી દીધી છે. કડક સુરક્ષાની ચિંતા, રાજવી ઠાઠ અને મહેલોના ઓરડામાંથી બહાર નીકળેલા આ યુગલે બાળકોને લંડનની શાળામાં દાખલ પણ કરાવી દીધા હોવાના અહેવાલો છે. રાજવી પરિવારના અભ્યાસુઓ એવું માને છે કે વિલિયમ સાથે વાંકું પડેલું સુધારવા માટે હેરી માટે આ 'છેલ્લી તક' છે. પરંતુ, વાસ્તવિકતાની એરણ પર સવાલ એ જ ઊભો થાય છે કે, શું ભવિષ્યનો રાજા વિલિયમ આ બધું ભૂલીને હેરીને છાતીએ લગાડવાના મૂડમાં છે ખરો?

વાતની શરૂઆત કરીએ તો, એક જમાનો એવો હતો જ્યારે વિલિયમ અને હેરીની જોડી આખા બ્રિટનમાં પ્રખ્યાત હતી. બેય ભાઈઓ વચ્ચે માંડ બે જ વર્ષનો ફરક. નાના હતા ત્યારે બેય જણા જાણે એક જ ડાળના બે પંખી હોય તેમ સાથે ને સાથે જ રહેતા. વિલિયમ પહેલેથી જ શાંત, ગંભીર અને ગાદીનો અસલી વારસદાર લાગતો, જ્યારે હેરી થોડો તોફાની, મસ્તીખોર પણ દિલનો સાવ ચોખ્ખો રઘવાયો ભાઈ ગણાતો.

૧૯૯૭માં એમની મા, લેડી ડાયનાનું કરુણ મોત થયું, ત્યારે ૧૫ વર્ષના વિલિયમ અને ૧૨ વર્ષના હેરીને લંડનની સૂમસામ સડકો પર માની અર્થી પાછળ માથું ઢાળીને ચાલતા જોઈને આખી દુનિયાની આંખો ભીની થઈ ગઈ હતી. માના વિયોગે આ બેય ભાઈઓને ભીતરથી એકબીજાની સાવ નજીક લાવી દીધા હતા. વિલિયમે જ્યારે પોતાની કોલેજકાળની પ્રેમિકા કેટ મિડલટન સાથે લગ્ન કર્યા, ત્યારે હેરીએ કેટને 'પોતાની સગી બહેન જેવી' ગણાવીને હૃદયથી આવકારી હતી. બ્રિટનની પ્રજા આ ત્રણેયને 'ફેબ થ્રી'(અદભુત ત્રિપુટી) કહીને મનમાં હરખાતી અને રાજશાહીનું ભવિષ્ય આ ત્રિપુટીના હાથમાં સુરક્ષિત માનતી હતી.

પણ કહેવાય છે ને કે સુખના દિવસોને નજર લાગતાં વાર નથી લાગતી. ૨૦૧૬માં જ્યારે પ્રિન્સ હેરીના જીવનમાં અમેરિકન અભિનેત્રી મેગન મર્કલનું આગમન થયું, ત્યારથી આ રોયલ પરિવારના વહાણમાં કાણું પડવાનું શરૂ થઈ ગયું હતું. હેરીએ પોતાની આત્મકથા 'સ્પેર'માં લખ્યા મુજબ, વિલિયમને પહેલેથી જ મેગન પ્રત્યે ભારે અણગમો હતો. વિલિયમે પોતાના નાના ભાઈને સલાહ આપેલી કે 'એકવાર ત્યજી દેવાયેલી અને પોતાનાથી ત્રણ વર્ષ મોટી વિદેશી સ્ત્રી સાથે લગ્ન કરવાની ઉતાવળ ન કર!' પણ હેરીએ તો પ્રેમમાં અંધ થઈને ૨૦૧૮માં મેગન સાથે ધામધૂમથી લગ્ન કરી લીધા. થોડા સમય માટે તો બ્રિટિશ માધ્યમોએ બેય ભાઈઓ અને તેમની પત્નીઓને 'ફેબ ફોર' કહીને નવાજ્યા, પરંતુ પડદા પાછળ ખટપટનો કારમો અગ્નિ સળગી રહ્યો હતો.

બ્રિટિશ ટેબ્લોઈડે પણ કાંડી લગાડવામાં કસર ન છોડી. એક તરફ કેટ મિડલટનને સાક્ષાત દેવી અને સંસ્કારી રાજવધૂ તરીકે છબી બનાવવામાં આવતી, તો બીજી તરફ મેગનને 'બહારની રખડેલ'અને પરિવાર તોડનારી સ્ત્રી તરીકે ચિત્રિત કરવામાં આવતી. આનાથી હેરીના મનમાં ભયંકર દ્વેષ જાગ્યો. તેને લાગ્યું કે વિલિયમ અને રાજમહેલના અમલદારો મેગનને શાહી પરિવારમાં ગોઠવાવામાં મદદ કરવાના બદલે તેને નીચી પાડી રહ્યા છે.

૨૦૧૯ના અંત સુધીમાં તો બેય ભાઈઓ વચ્ચેની તિરાડ ખુલ્લેઆમ દેખાવા લાગી હતી. હેરીએ જાહેરમાં સ્વીકાર્યું કે 'અમે બેય ભાઈઓ હવે અલગ-અલગ રસ્તે ચાલી રહ્યા છીએ.' અને આખરે ૨૦૨૦ની શરૂઆતમાં આ કડવાશ એટલી હદે વધી ગઈ કે હેરી અને મેગને રાજવી પદ, રાજમહેલ અને બ્રિટન દેશ બધુંય છોડીને અમેરિકાના કેલિફોર્નિયામાં ડેરા તંબુ તાણી લીધા હતા.

અમેરિકા ગયા પછી હેરીએ જે કર્યું, એણે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું હતું. ઓપ્રાહ વિનફ્રેને આપેલા ચર્ચિત ઈન્ટરવ્યુમાં હેરી અને મેગને રાજવી પરિવાર પર વંશવાદ (રેસિઝમ)ના ગંભીર આરોપો મૂક્યા હતા. હેરીએ એવો પણ બૉમ્બ ઝીંક્યો કે 'વિલિયમે કેટ સાથે લગ્ન માત્ર એટલા માટે કર્યા કારણ કે તે રાજવી પરિવારના બીબામાં બરાબર ફીટ બેસતી હતી!' આટલેથી ન અટકતા, હેરીએ પોતાની આત્મકથા 'સ્પેર'માં વિલિયમનો ગુસ્સાવાળો સ્વભાવ ખુલ્લો પાડ્યો અને દાવો કર્યો કે મેગનના મુદ્દે થયેલી બોલાચાલીમાં વિલિયમે તેને કોલરથી પકડીને જમીન પર પટકી દીધો હતો!

હેરીએ લખ્યું કે - 'હું તો માત્ર એક 'સ્પેર' (વધારાનો વિકલ્પ) હતો, જેને વિલિયમ સાથે કશું અણબનાવ બને તો ઉપયોગમાં લેવા માટે જ દુનિયામાં લાવવામાં આવ્યો હતો.' પોતાના જ સગા મોટા ભાઈને આત્મકથામાં 'વહાલો ભાઈ અને પરમ દુશ્મન' કહીને હેરીએ કૌટુમ્બિક સંબંધોના મૂળમાં જ મોટો કુહાડો મારી દીધો હતો. ત્યાર પછીના વર્ષોમાં બેય ભાઈઓ વચ્ચે બોલચાલ સાવ બંધ થઈ ગઈ હતી. ૨૦૨૩માં કિંગ ચાર્લ્સના રાજ્યાભિષેક વખતે હેરી લંડન આવ્યો ખરો, પણ વિલિયમથી બે હરોળ પાછળ બેઠો અને કાર્યક્રમ પતતાં જ ઉભી પૂંછડીએ અમેરિકા ભેગો થઈ ગયો હતો. જોકે, કાળચક્ર ફર્યું અને કિંગ ચાર્લ્સ તથા કેટ મિડલટન બંને કેન્સર જેવી ગંભીર બીમારીની ઝપેટમાં આવ્યા, ત્યારે હેરીનું મન થોડું પીગળ્યું હતું. ૨૦૨૫માં હેરી પોતાના પિતા ચાર્લ્સને મળવા લંડન આવ્યો અને ત્યાર બાદ હાઈગ્રોવ હાઉસ ખાતે કિંગ ચાર્લ્સ અને ક્વીન કેમિલાએ હેરી, મેગન અને તેમના બાળકો સાથે મુલાકાત પણ કરી હતી. પિતા સાથેનો સંબંધ સુધર્યો, પણ મોટા ભાઈ વિલિયમ સાથેનો ખટરાગ અકબંધ રહ્યો હતો.

હવે જ્યારે હેરી કાયમ માટે બ્રિટન પાછો ફરી રહ્યો છે, ત્યારે શું વિલિયમ ભૂતકાળની કડવાશ ભૂલીને તેને માફ કરશે? રાજવી પરિવારના નજીકના નિષ્ણાતો અને પત્રકારોનું માનવું છે કે વિલિયમ અત્યારે બિલકુલ માફ કરવાના કે સમાધાન કરવાના મૂડમાં નથી! વિલિયમના મનમાં એ વાતનો ઊંડો ઘા છે કે જ્યારે તેની પત્ની કેટ કેન્સરની આકરી સારવારમાંથી પસાર થઈ રહી હતી અને પિતા ચાર્લ્સ બીમારી સામે લડી રહ્યા હતા, ત્યારે હેરીએ વિદેશમાં બેસીને પરિવાર પર કીચડ ઉછાળવામાં કઈ બાકી નહોતું રાખ્યું. વિલિયમના મતે, જો હેરી અને મેગન પોતાની ભૂલોની જાહેરમાં માફી નહીં માગે, ત્યાં સુધી આ તિરાડ પૂરાવવાની કોઈ આશા નથી.

અમેરિકાની સુખ-સાહ્યબી છોડીને વતનના આંગણે પાછા ફરેલા હેરી માટે આ રસ્તો આસાન નથી. વિલિયમ હવે અગાઉનો દયાળુ ભાઈ નથી રહ્યો, પરંતુ એક મક્કમ અને ભવિષ્યનો સંભવિત રાજા બની ચૂક્યો છે. જોકે, કેટલાક અનુભવી રાજવી વિશ્લેષકો એવું પણ માને છે કે પરિવારની એકતા માટે અને રાજશાહીનું વજન જાળવી રાખવા માટે કેટ મિડલટન અને કિંગ ચાર્લ્સ પોતે વચગાળાનો રસ્તો કાઢીને બંને ભાઈઓને ભેગા કરવાનો પ્રયાસ કરી શકે છે.

આખરે, લોહી પાણી કરતાં ઘાટું હોય છે. હેરી બ્રિટન આવીને કોઈ એકાંત ખૂણામાં છુપાઈને રહેવાનો નથી, એ સામાજિક કાર્યો દ્વારા જાહેરમાં તો આવવાનો જ છે. હવે જોવાનું એ રહે છે કે સમયનો મલમ આ બેય ભાઈઓના હૃદયના ઘા રુઝવે છે કે પછી કૌટુમ્બિક સત્તા અને અહંકારની આ લડાઈ બ્રિટનના રાજમહેલને વધુ કલંકિત કરે છે. એક વાત નક્કી છે વતન વાપસીથી વાર્તા પૂરી નથી થતી, પણ આ 'રોયલ ડ્રામા'નો આ એક નવો અને વધુ ધમાકેદાર અધ્યાય શરૂ થઈ રહ્યો છે!